# પ્રકરણ - ૨

# પ્રકરણ – ૨
# લોકપરંપરા એટલે શું ?
# વ્યાખ્યા, વિભાવના અને વિશેષતાઓ

લોકપરંપરાની વ્યાખ્યા અને વિભાવનાની વાત કરીએ તે પહેલા 'લોક' શબ્દની વિભાવના સમજવી જરૂરી છે અને તેના દ્વારા જ લોકપરંપરાની વિભાવના અને વિશેષતા સ્પષ્ટ કરી શકાય છે.

✦ **લોક :-**

'લોક' શબ્દ ખૂબ પ્રાચીન છે અને ઋગ્વેદમાં આ શબ્દનું પ્રયોજન જોવા મળે છે.

''नाभ्या आसीदंतरिक्षं शीष्णै द्यौ समवर्तत्॥

पदभ्यां भूमिर्द्विशः श्रोत्रातथा लोकां अकल्पयन्॥''[1]

ઋગ્વેદ/૧૦/૯૦/૧૪

ઋગ્વેદ અને સંસ્કૃત સાહિત્યમાં પ્રયોજાયેલ 'લોક' શબ્દ ગુજરાતના જનપદોમાં આજે પણ પ્રચલિત છે. જોકે તેના શબ્દાર્થનાં સમય પ્રમાણે પરિવર્તન થયા કરે છે. અંગ્રેજીમાં 'લોક' શબ્દ માટે 'folk' શબ્દનું પ્રયોજન થાય છે. ઘણી જગ્યાએ 'લોક'ના માટે 'fole' શબ્દ પણ વપરાય છે. જર્મનીમાં 'volk' પણ આ જ અર્થમાં વપરાય છે.

''अवार्चाने तु तस्मार्धे चरंति रचिरश्मयः।

परार्धतु तमोनित्यं लोकालोकस्ततः स्मृतः॥''[2]

લિંગપુરાણ અ-૫૩

'અંદરની બાજુ જે પ્રકાશિત છે તે બહારની બાજુએ અંધકાર છે, તેને 'લોકાલોક'' કહે છે. લોક એટલે પ્રકાશ અને અલોક એટલે અંધકાર. આ પ્રકાશને અંધકારથી છાયેલા ભાગને લોકાલોક કહેવામાં આવે છે.

---

૧. ઋગ્વેદ, ૧૦/૯૦/૧૪

૨. લિંગપુરાણ, અધ્યાય-૫૩

શાસ્ત્રોમાં 'લોક' અનેક અર્થમાં વપરાયો છે. લોકને સ્થળ અને પ્રકાશ સાથે પણ સંબંધ છે. એના ઉપરથી સ્વર્ગલોક, મૃત્યુલોક અને પાતાળલોક એવા ત્રણ ભુવનમાં નામ પડ્યાં. આ ઉપરાંત પણ દેવલોક, પિતૃલોક, મનુષ્યલોક, નાગલોક, ભૂલોક, પરલોક, દિવ્યલોક અને બધા મોટા દેવો વગેરેના નામ સાથે પણ 'લોક' શબ્દ જોડાયેલ છે.[3]

લોકને જગતના અર્થમાં ઘણા શાસ્ત્રોમાં પણ લેવામાં આવ્યો છે.

लोके व्यवावा मिषमद्यसेवा....

(ભાગવત ૧૧.૫.૧૧)

અહીં લોકને બન્ને અર્થમાં લેવાયો છે. જગતના અર્થમાં અને લોકોના અર્થમાં.

'મુંડકોપનિષદ'માં લોકનો નીચે મુજબ ઉલ્લેખ જોવા મળે છે –

''दृष्टापूर्तं मन्यमाना वरिष्ठं नान्यच्छ्यो वेदयंते प्रमूढाः।

नाकस्य पृष्ठे ते सुकृतेऽनुभूत्वेमं लोकं हीनतरं वा विशन्ति॥''

ઈષ્ટાપૂર્ત જ જાણે શ્રેષ્ઠ અને બીજું કાંઈ શ્રેયસ્કર નથી એમ માનનારા મૂઢ લોકો સ્વર્ગની પીઠ ઉપર પુણ્યનો ઉપભોગ લઈને આ લોકમાં અથવા એનાથી પણ હલકા લોકમાં પાછા આવે છે.

'ભગવદ્‌ગીતા'માં અર્જુનના મુખે કહ્યું છે કે :

पितासि लोकस्य चराचरस्य..... (અધ્યાય-૧૧/૪૩)

તું આ ચરાચરલોકનો પિતા છે.

મહાભારતના શાંતિપર્વમાં ગરીબ અને શ્રીમંત બન્નેને લોક સ્વરૂપે જ સંબોધે છે.

प्रायेण श्रीमंता लोके भोक्तुं शक्तिर्न विद्यते।

काष्टान्यपि हि जीर्यन्ते दरिद्राणां च सर्वश॥

શાંતિપર્વ – ૨૮/૨૯

અહીં આપણે સ્પષ્ટપણે શ્રીમંતો અને ગરીબો એવા શિષ્ટ અને અશિષ્ટ ગણાતા બન્ને પ્રકારના માણસો માટે 'લોક' શબ્દ પ્રયોજેલો જોઈએ છીએ.

---

૩. પરમાર, જયમલ્લ. લોકસાહિત્ય અને સંસ્કૃતિ, પા.નં. ૯૬

શંકરાચાર્ય 'શાંકરભાષ્ય'માં

''लोकसंग्रह : लोकस्यो न्यार्ग प्रवृत्ति निवारणं''

'લોકોને ઉન્માર્ગે – અવળી પ્રવૃત્તિમાં – ખોટે માર્ગે જતાં વારવા તે' એવો અર્થ લીધો છે.

'યોગવાસિષ્ઠ'માં વસિષ્ઠ ઋષિ શ્રી રામને ત્યાં સુધી કહે છે કે :

चावल्लोकपरामशर्ते निरुढो नास्ति योगिनः।

तावद्रुढसमाधित्वं न भवत्येव निर्मलम्॥ (९-१२८)

જ્યાં સુધી લોકોના દુઃખ દારિદ્રય કાપવાનું એટલે કે લોક કલ્યાણનું – લોકસંગ્રહનું કામ થોડું પણ અધૂરું હોય ત્યાં સુધી યોગી પુરુષોની સ્થિતિ સમાધિપર્યંત હોય તો પણ નિર્મળ ગણાતી નથી.

લોક શબ્દને સચરાચર લોક, સ્થળ અને સર્વસાધારણ એટલે કે જ્ઞાની કે અજ્ઞાની એવા તમામના અર્થમાં વાપર્યો છે. લોક એટલે કે સર્વલોક તરફ દષ્ટિ રાખીને લોકકલ્યાણના લોકસંગ્રહના નિષ્કામ કર્મને પ્રબોધ્યું છે.

પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં 'લોક' શબ્દ જનસમૂહ માટે વપરાતો. ઉ.દા. હજાર શીર્ષવાળા, હજાર આંખોવાળા.... આવા જનસમૂદાયને 'લોક' શબ્દ તરીકે સંબોધાતો, જે સમૂહવાચક શબ્દ હતો. ઈ.બી. ટેઈલર જેવા નૃવંશશાસ્ત્રી લોક તરીકે અશિક્ષિત માનવ સમાજને બતાવે છે. તેઓ એમ પણ જણાવે છે કે લોક વનવાસી હતો. ડુંગરોની કંદરામાં કે સાગરકાંઠે વસતો અનપઢ માનવસમુદાય તે લોક છે. આમ, ટેઈલરે લોક માટે એવી માન્યતા દર્શાવી કે લોકને તારવવા માટે પુરાણ અને સંસ્કૃતિ મહત્ત્વનો ભાગ ભજવે છે. આમ, નૃવંશશાસ્ત્રના અભ્યાસીઓ આ સદીના પ્રારંભ સુધી લોક શબ્દ આદિવાસી, વનવાસી, અનપઢ અને અશિક્ષિત જનસમુદાય માટે વાપરતા હતા આ શબ્દ પ્રયોગના દઢ આગ્રહી સ્વ. ઈ. બી. ટેઈલર હતા. અને તેમની સાથે બર્ટન, મૅકલેનૂન, લેટરવ્યુ, ફ્રેઝર, વગેરે પણ હતા.[૪]

આ બધા વિદ્વાનો 'લોક'ને સમાજવિજ્ઞાનના એક અંગ તરીકે સ્વીકારે છે. યુરોપમાં ઈ.સ. ૧૮૪૬માં વિલિયમ થોમસે folk શબ્દ આ જ સંદર્ભમાં પ્રયોજ્યો, જેમાં લોકના રીતરિવાજો,

૪. બોડા, શ્રી રામચંદ્ર. લોકસાહિત્ય, પા. નંબર-૪૧.

અનુષ્ઠાન વિધિઓ અને લોકશ્રદ્ધાઓનો પણ લોકસાહિત્યમાં સમાવેશ કર્યો.[૫] આ વિચારધારાએ આખા જગતના શિક્ષિત દેશો ઉપર અસર કરી. પરિણામે ભારતમાં પણ 'લોક' એ જ અર્થમાં અને સંદર્ભમાં અનેક વર્ષો સુધી ચલણમાં રહ્યો. ગુજરાતની લોકસંસ્કૃતિના ગ્રંથોમાં 'લોક' શબ્દ પણ તે જ સંદર્ભમાં વપરાતો જોવા મળે છે. ગુજરાતનાં જનપદોમાં લોક શબ્દ આજે પણ અભદ્ર માનવ સમુદાય માટે વપરાત છે. જેમકે લોકિયા રિવાજ અથવા અનપઢ અને અસંસ્કારી જનસમૂદાયના રિવાજ.

ડૉ. એલન ડૂંડેએ 'લોક' અંગેની મૌલિક વિચારણા કરીને મંતવ્ય પ્રગટ કર્યું કે જે લોકસમૂહ પરંપરાગત જીવન જીવી રહ્યો હોય તે સમાજ 'લોક' છે.[૬]

આમ, એલન ડૂંડે અને ઋગ્વેદના દૃષ્ટાઓ લોક માટેની સમાંતર વિચાર અને માન્યતાઓ ધરાવે છે, જેમાં ડૉ. ડૂંડેએ સિધ્ધાંત - લોક માટે - તારવી આપ્યો કે કોઈ નગર કે શહેરમાં પણ લોક હોઈ શકે, જેના રીતરિવાજો, અનુષ્ઠાનવિધિઓ અને લોકશ્રદ્ધાઓ પરંપરાગત હોય, અલિખિત હોય અને જે અમુક જનસમૂહમાં પ્રચલિત હોય.

''લોક'' શબ્દ શુદ્ધ તત્સમ્ રૂપમાંથી સાંપડે છે. વ્યુત્પત્તિ પ્રમાણે 'लोक' શબ્દ 'लोक दर्शने' ધાતુના 'ધજ્' પ્રત્યય લગાડવાથી વ્યુત્પન્ન થાય છે. સંસ્કૃત ભાષામાં આ ધાતુ 'દેખવું' એવા ભાવને પ્રગટ કરે છે. આમ, આ વ્યુત્પત્તિના આધારે 'લોક'નો શાબ્દિક અર્થ જોનાર કે દેખવાવાળો થાય છે. ત્યારબાદ 'લોક' શબ્દ માનવવાણીના વપરાશમાં આવ્યો હશે. જે કોઈ જનસમુદાય જોવાનું કાર્ય કરે છે તે લોક છે. આ લોક શું જોવે છે ? પરંપરાગત જીવનનાં પરિપ્રેક્ષ્યમાં રમતી અને ખેલતી સંસ્કૃતિને જ લોકસંસ્કૃતિના નામે ઓળખાય છે.[૭]

આ ઉપરાંત, 'લોક'ના ભિન્ન ભિન્ન અર્થો જોવા મળે છે. 'હલાયુધ કોશ'માં લોકમાંથી ભુવન, જગત, જન, પ્રજા અને મનુષ્ય પર્યાય રૂપે મળે છે.[૮] વી.એસ. આપ્ટેના સંસ્કૃત

---

૫. બોડા, શ્રી રામચંદ્ર. લોકસાહિત્ય, પા. નંબર-૪૨.

૬. Dunde, Dr. Allan. The stand of folklore, pp. 2

૭. Apte, V. S. The Practical Sanskrit English Dictionary, pp. 820

૮. जोशी, श्री जयशंकर. हलायुध कोश, पृ. ५४१

શબ્દકોશમાં 'લોક'ના માટે સંસાર, વિશ્વનો ભાગ પૃથ્વી, માનવ-જાતિ, પ્રજા, સમૂહ, પ્રાંત, દશ્ય, કક્ષ, સાત અને ચૌદની સંખ્યા.... આપેલ છે. પંડિત રામનરેશ ત્રિપાઠી સંપાદિત 'हिन्दी शब्दकल्पद्रुम' માં લોક માટે લોક, મનુષ્ય, યમ, વ્યાકરણ, યશ, નામ, કીર્તિ, સંતાન, ભુવન, સૃષ્ટિનો ભાગ જેવા અર્થો આપ્યા છે.[૯]

અનેક શતાબ્દીઓથી અસ્તિત્ત્વ ધરાવતો આ લોક આત્મવાદ, Animism લોકશ્રદ્ધાઓ, લોકવહેમો, કામણટૂમણા, મંત્રતંત્ર અને જંતરજાદુ, ઉદ્‌ભવભાવ - Totem, પ્રાકૃતધર્મ, અંધવિશ્વાસ અને ધર્માનુષ્ઠાનો વગેરેના સહારે જીવી રહ્યો છે. આજે તેના આ લૌકિક પરંપરાગત જીવનક્રમનો વૈજ્ઞાનિક અને શાસ્ત્રીય માપદંડથી અને સિદ્ધાંતોથી અધ્યયન-અધ્યાપન કરવામાં આવે છે. એટલે કે આ અભ્યાસે એક શાસ્ત્રનું રૂપ ધારણ કરેલ છે, જે સમાજશાસ્ત્ર સાથે જોડાયેલ હોવા છતાં તે સમાજશાસ્ત્ર નથી તેમજ તે સમાજશાસ્ત્રનું એક અંગ નથી. આથી જ આ શાસ્ત્રને લોકશાસ્ત્ર folklore એવું અલગ નામ આપવામાં આવ્યું છે.

**૨.૧ 'લોક' શબ્દની વ્યુત્પત્તિ અને અર્થ :-**

folk શબ્દનો ગુજરાતી અર્થ લોક થાય છે. ભગવદ્‌ગોમંડલ ભાગ-૮માં 'લોક' શબ્દના જુદા-જુદા ૨૧ અર્થો આપેલા છે. જેમાંનો પ્રથમ અર્થ અતલ, વિતલ, જનલોક, મહાતલ એવા ચૌદલોકના અર્થો છે. બીજો અર્થ 'કોમ', 'જાતિ' કે 'વર્ગ'ના અર્થમાં છે. ત્રીજો અર્થ તર્કશક્તિ અને બુદ્ધિવાળા પ્રાણીઓથી વસાયેલો દેશ, ભૂમિખંડના અર્થમાં છે. એક અર્થ જન, સમાજ, જનતા, જનસમૂહના અર્થમાં છે. તો વળી એક અર્થ માનવજાતિ - માનવ - માણસના અર્થમાં છે. 'લોક'નો એક અર્થ 'સામાન્યજીવન' પણ થાય છે. આવા ઉલ્લેખો ભગવદ્‌ગોમંડલમાં મળે છે.[૧૦]

**૨.૨ લોકશાસ્ત્ર : ફોકલોરનો પર્યાય :-**

ભારતમાં લોકશાસ્ત્રનો ઈતિહાસ વેદકાલીન છે તે પ્રાચીન છે. છતાંય જો ઋગ્વેદને ભદ્ર સંસ્કૃતિના આકારગ્રંથ તરીકે સ્વીકારીએ તો લોકસંસ્કૃતિના આકારગ્રંથ તરીકે અથર્વવેદને ગણાવી શકાય. આજે પશ્ચિમના દેશોમાંથી અમેરિકા, જર્મનીમાં કે ફિન્લેન્ડમાં લોકશાસ્ત્રની વૈજ્ઞાનિક રીતિઓ

---

૯. त्रिपाठी, पंडित रामनरेश. हिन्दी कल्पद्रुम, पृ. ६३४-६३५

૧૦. ભગવતસિંહજી 'ભગવદ્‌ગોમંડલ' ભાગ-૮, પા.નં. ૮૦૬૧-૮૦૬૨

methods માટે જેટલું સંશોધન, સંકલન અને સર્વેક્ષણ થાય છે તેટલું ભારતમાં પ્રાચીનયુગમાં કે સાંપ્રતકાળમાં થયું હશે કે કેમ તે પ્રશ્ન છે.

યુરોપમાં અઢારમી સદીમાં રોમાન્ટિસિઝમની અસર તળે પુરાવસ્તુપ્રેમ જાગ્યો, ગ્રીક રોમન સંસ્કૃતિઓના પ્રભાવે યુરોપમાંથી જે જૂની સંસ્કૃતિઓને લગભગ નામશેષ કરી નાખી હતી તેના અવશેષો લઈને તેના પરથી એ પ્રાચીન સંસ્કૃતિઓ વિશે તારણો થવા માંડ્યા અને જૂની જાતિઓના પ્રજાકીય ઈતિહાસમાં લોકોને રસ પડ્યો અને તેના અભ્યાસો થવા માંડ્યા. પ્રાચીન પરંપરાઓ, માન્યતાઓ, પરંપરાગત લોકગીતો, લોકકથાઓનું કે સંશોધન-સંપાદન અને અભ્યાસો થવા માંડ્યા.

## ૨.૩ 'Folklore' શબ્દની ઉત્પત્તિ :-

શરૂઆતમાં તો તે સમયે પુરાવસ્તુવિચાર તે 'એન્ટિકિવટિઝ' તરીકે ઓળખાતું હતું. તે સમયે જર્મનિક માયથોલોજી પર આધારિત જેકબ અને વિલ્હેમ આ બે ગ્રીકબંધુઓએ સમગ્ર યુરોપ પર પ્રભાવ પાડ્યો હતો. આ ગ્રીકબંધુઓએ પ્રાચીન પરંપરાના અધ્યયન અને અભ્યાસ માટે 'volkskunde' શબ્દ વાપર્યો હતો. તો અન્ય વિદ્વાનો આ વિદ્યાશાખાને Popolar antiquities કહેતા હતા. આ બન્ને શબ્દો ગૂંચવાડો પેદા કરે તેવા હતા. તેથી આ શબ્દો વિશે ચર્ચા કરતો પણ ૨૨-૮-૧૮૪૬ના રોજ સર વિલિયમ જ્હોન થોમસે 'એથેનિયમ' નામના સાપ્તાહિકના તંત્રીને લખ્યો હતો. તેમાં આ વિદ્યાશાખા માટે folk-lore નામ સૂચવવામાં આવ્યું. અને આ ચર્ચા પત્ર છપાયા પછી યુરોપની ઘણીબધી ભાષાઓમાં folk-lore શબ્દ ધીરે ધીરે પ્રચલિત બન્યો.[૧૧] આ folk-lore શબ્દ પ્રથમ વખત આપનાર વિલિયમ જ્હોન થોમસ હતા. આ folk-lore શબ્દનો પ્રયોગ સભ્ય દેશોની સાધારણ જનતામાં પ્રચલિત પ્રથાઓ, રીતરિવાજો અને અંધવિશ્વાસોનો અભ્યાસ દર્શાવવા માટે થવા લાગ્યો.

## ૨.૪ "Folk" શબ્દની વ્યુત્પત્તિ અને અર્થો :-

હવે આપણે folklore શબ્દની વિસ્તૃત સમજ જોઈએ. lore નું વિશેષણ folk છે. The New Oxford Dictionary of English તેની વ્યુત્પત્તિ જર્મન મૂળની જૂની

---

૧૧. જાની, કનુભાઈ. 'લોકવાઙ્મય' પા.નં. ૧,૨

અંગ્રેજીમાં 'folc' પરથી બતાવાઇ છે. જેમાંથી ડચ ભાષામાં 'wolk' અને જર્મનમાં 'volk' શબ્દો બન્યા છે.[૧૨]

એનસાયક્લોપિડીયા બ્રિટાનિકામાં 'folk' ને સમજાવતા બે અર્થો છે. 'સસંસ્કૃત રાષ્ટ્રના બધા લોકો અને સામાન્ય અસંસ્કૃત જનસમુદાય'. આમ, એક બાજુ વિકસિત માટે તો બીજી બાજુ અસભ્ય કે અવિકસિત માટે 'folk' શબ્દ વપરાયો છે.[૧૩] કોઈપણ સભ્ય સમાજ શરૂઆતમાં સભ્ય સમાજ બનતો નથી. તેની કોઈ અવસ્થા તો લોક સાથે જોડાયેલી રહી જ હશે.

## ૨.૫ "Lore" શબ્દની વ્યુત્પત્તિ અને અર્થ :-

અંગ્રેજીમાં folk અને ગુજરાતી 'લોક' શબ્દની વ્યુત્પત્તિ અને તેના વિવિધ અર્થો જોયા પછી 'lore' શબ્દની ચર્ચા કરીએ. lore શબ્દ એ સેવન 'lar' ઉપરથી ઉતરી આવેલો છે. 'lar' એટલે 'શીખવાડવામાં આવતી વિદ્યા.' આવી રીતે આપણને folklore શબ્દ મળ્યો.

'લોક' lore એટલે 'પરંપરાગત કૌશલ્ય કે જ્ઞાન'. એ માટે કોઈ વિશેષ અભ્યાસ નહીં પરંતુ અનુકરણ જરૂરી છે. એમાં કૌશલ્ય હોય, કસબ હોય, જ્ઞાન હોય, પરંતુ એ માત્ર અનુભવજન્ય પરંપરામાંથી જ પ્રાપ્ત થાય. આજે જે કોઈ વિજ્ઞાન, શાસ્ત્ર, કલા, વિદ્યા વગેરે છે. તેનો પ્રારંભિક તબક્કો 'Lore' છે. કોઈ એક વ્યક્તિને કંઈ નવું સૂઝે, આવડે, હસ્તગત થાય અને એ જો જીવનપયોગી હોય તો એવી વ્યક્તિથી વ્યક્તિની પરંપરા ચાલે, જે પછી કુટુંબથી કુટુંબોમાં વિસ્તરે અને વ્યાપ વધતાં તે નિશ્ચિત એના ભૌગોલિક વિસ્તારના માનવ-સમુદાયમાં વિસ્તરે. આ રીતે લોર અનેકના અનુભવ કૌશલ્યના સરવાળે સિદ્ધ થાય. આજે આપણી પાસે જ્ઞાન અને વિદ્યાશાખા રૂપે રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, આયુર્વેદ કે તબીબીશાસ્ત્ર, ભાષા, સ્થાપત્ય-શિલ્પ-ચિત્ર-નૃત્ય-સંગીત-સાહિત્ય જેવી લલિતકળાઓ છે, તે બધાના પ્રારંભના મૂળમાં 'લોર' છે.

## ૨.૬ 'ફોકલોર' શબ્દની વ્યાખ્યા :-

ફોકલોર શબ્દની વ્યાખ્યા અનેક વિદ્વાનોએ જુદા જુદા સ્વરૂપે બતાવી છે. કોઈકે એના

---

૧૨. The New Oxford Dictionary of English, Page-713, Edited by Sutdy Pearsall Oxford University Press, Second Impresion - 2000

૧૩. 'એનસાયક્લોપીડિયા બ્રિટાનિકા' વૉલ્યુમ-૯, ૧૭૬૮, પા.નંબર-૫૧૬

સાહિત્યિક સ્વરૂપ ઉપર ભાર મૂક્યો છે, તો કોઈકે લોકોની સંસ્કૃતિના અભ્યાસ પર.

(૧) વિલિયમ થોમ્સ : વિલિયમ થોમ્સે (ટોમ્સે) 'ફોકલોર' શબ્દની વ્યાખ્યામાં લોકોના રીતરિવાજ, પ્રથા, વિધિવિધાન, અંધવિશ્વાસ, લોકગાથા અને લોકોક્તિ વગેરેનો સમાવેશ કર્યો છે.[૧૪]

(૨) વિલિયમ બાસ્કમ : આ વિદ્વાને લખ્યું છે કે ફોકલોરનો સંબંધ પુરાણ-ગાથા, દંતકથા, લોકકથા, લોકોકિત, પ્રણાલિકા વગેરે સાથે છે. જેનું માધ્યમ મૌખિક શબ્દ છે. માનવ વિજ્ઞાનશાસ્ત્રીઓ અનુસાર ફોકલોરના અભ્યાસનું ક્ષેત્ર પ્રથાઓ, અંધવિશ્વાસ, કલા, શિલ્પ, વેશભૂષા, ગૃહના પ્રકાર અને ભોજનની સામગ્રી વગેરે બાબતો છે.

(૩) મેક એડવર્ડ લીચ : અમેરિકન ફોરલોક સોસાયટીના મંત્રીપદને અનેક વર્ષો સુધી શોભાવનાર આ વિદ્વાન કહે છે કે ''Folklore is the generic term to designate the customs, beliefs, traditious, tales, magical practices, proverbs, songs, etc. of a homogeneous unsophisticated people.''

(૪) આર્થર ટેલરે : તેમણે આપેલી વ્યાખ્યા પ્રમાણે લોકવિદ્યા એટલે મુખપરંપરાથી કે રીતિ-રિવાજથી પરંપરાગત ઊતરતી આવેલી સામગ્રી અને તે અંગેની બધી જાણકારી કે વિદ્યા. "folklore is the material that is handed by tradition either by word of mouth or custom and practice."[૧૫]

## ૨.૭ લોકપરંપરા - વ્યાખ્યા અને વિભાવના :-

આપણા દેશના લોકોની પરંપરા વૈદિકકાળથી ચાલી આવી છે. જે પાંચ હજાર વર્ષ જૂની પરંપરા છે. આજનો નાગરિક કે નગરમાં રહેતો ભદ્રજન કે જે ભણેલો ગણેલો હોવા છતાં પણ અમુક અંશે જાણે-અજાણે પણ પરંપરા જાળવીને ચાલે છે. જેટલે અંશે એને પરંપરા જાળવી છે તેટલે અંશે તે 'લોક પરંપરા' કહેવાય.

---

૧૪. 'એનસાયકલોપીડિયા બ્રિટાનિકા' વૉલ્યુમ-૯, ૧૭૬૮, પા.નંબર-૫૧૬, ફોકલોર પરનો લેખ.

૧૫. Dunde, Allan. The Study of folklore, Page-34-42.

ડૉ. અમૃત પટેલ 'ચંપાની કળીઓમાં કસ્તુરી' પુસ્તકમાં જણાવે છે કે નગરો અને ગામડાઓમાં ફેલાયેલી સમગ્ર જનતા કે જેની પાસે વ્યવહારિક જ્ઞાનના પાયાના પુસ્તકો નથી. જેમની પાસે શિષ્ટ સંસ્કારો, શાસ્ત્રીયતા, પાંડિત્યની ચેતના નથી અને જેઓ એક પરંપરાગત પ્રવાહમાં જ જીવતા હોય છે તે લોકપરંપરા કહી શકાય. ભણેલો માનવી, શિષ્ટ માનવી પણ જો પરંપરામાં કે પરંપરાગત સંસ્કારમાં જીવતો હોય તો તે પણ લોકપરંપરા કહી શકાય.[૧૬]

લોકપરંપરા એટલે કે જે લોકોની પરંપરાથી ઉતરી આવેલી હોય, લોકોના જીવનમાં વણાયેલી હોય, એને શીખવવામાં આવતી ન હોવા છતાંય આપોઆપો શિખાઇ જતી હોય, તેવી પરંપરાગત માન્યતાઓ, પ્રથાઓ, રીતરિવાજો, લોકોકિતઓ, કહેવતો,, ઓઠા, દંતકથાઓ, રૂઢિપ્રયોગો, તહેવારો, વહેવારો, જાદુ, મંત્ર તેમજ રૂઢિગત તમામ બાબતો લોકપરંપરામાં સમાઇ જાય છે. આ અનુકરણથી શિખાય છે. એક પેઢી પાસેથી બીજી પેઢી પાસે મૌખિક પરંપરામાં આવે છે. આદિકાળથી વહેતી આવી છે. તેમાં લોકમાનસનું પ્રતિબિંબ હોય છે. આ લોકપરંપરાનો ઝીણવટથી અભ્યાસ કરતા આ વિદ્યા ભણીગણીને કે મહેનત કરીને પુસ્તકો વાંચીને તર્કબધ્ધ રીતે વ્યવસ્થિત વિચાર દ્વારા એક વિષય બાંધી મેળવેલું જ્ઞાન નથી. અહીં પરંપરા માટે સમાજે પોતાને માટે મૌખિક રીતે એકબીજાના અનુકરણથી અને તેના અમલથી જીવનમાં સહજ રીતે જે મેળવ્યું છે તેવો થાય છે. આ લોકપરંપરાની સમજ કંઇક આવી થાય છે.

(૧) વ્યક્તિએ ભણીગણીને મેળવેલું જ્ઞાન નથી. પણ જીવનની પરંપરામાં મેળવેલું જ્ઞાન છે.
(૨) એ ગુરુ, શિક્ષક કે પુસ્તક દ્વારા મેળવાયેલું જ્ઞાન નથી, પણ સમાજમાંથી જીવતા જીવતા મેળવાયેલું જ્ઞાન છે.
(૩) જે તે સમાજની લોકપરંપરાઓ જે-તે સમાજની વ્યક્તિઓ માટે છે.
(૪) એ મૌખિક પરંપરામાંથી ઊતરી આવે છે, જે કોઇ પુસ્તકમાં લખાયેલી નથી.
(૫) લોકો એકબીજાના અનુકરણથી અને તેના અમલ દ્વારા તેને જીવિત રાખે છે.
(૬) આ લોકપરંપરા એ જે તે સમાજનું જીવન બની ગયેલ છે. એને જીવનમાંથી અલગ કરી શકાય તેમ નથી.

---

૧૬. પટેલ, અમૃત. 'ચંપાની કળીઓમાં કસ્તુરી', પા.નં. ૪

(૭) એ જીવતા જીવતા સહજ રીતે મળેલી છે. પ્રયાસ દ્વારા તે મળતી નથી.

લોકસાહિત્યના પ્રખર અભ્યાસી એવા શ્રી કનુભાઇ જાનીએ લોકવિદ્યા (પરંપરા)ના વિભાગીકરણને વધુ વિશદ અને ઝીણવટ ભરી રીતે આ રીતે જણાવ્યું છે.[૧૭]

(૧) ભૌતિક જીવનને લગતી લોકપરંપરા

(૨) સમાજ જીવનને લગતી લોકપરંપરા

    (i) રીતિ-રિવાજને લગતી લોકપરંપરા

    (ii) શ્રદ્ધા અને માન્યતાઓને લગતી લોકપરંપરા

    (iii) મનોરંજન અને રમતોને લગતી લોકપરંપરા

(૩) લોકકલાને લગતી લોકપરંપરા

(૪) લોકસાહિત્ય કે લોકવાઙ્મયને લગતી લોકપરંપરા

    (i) કથ્ય લોકસાહિત્ય

    (ii) ગેય લોકસાહિત્ય

**૨.૭.૧ ભૌતિક જીવનને લગતી લોકપરંપરાઓ (લોકવિદ્યા) :-**

ભૌતિકજીવનને લગતી લોકપરંપરાઓમાં મકાન કેવી રીતે બાંધવું, પરંપરાગત વ્યવસાયના ઓજારો, ઘરનું રાચરચિલું, જ્ઞાતિના વ્યવસાયને અનુરૂપ મકાનની બાંધણી, સ્ત્રીપુરુષોના પોશાકો, વ્યવસાયને અનુરૂપ ખાનપાની ટેવો વગેરેનો અભ્યાસ આ વિભાગમાં સમાવવામાં આવે છે.

**૨.૭.૨ સમાજજીવનને લગતી લોકપરંપરાઓ (લોકવિદ્યા) :-**

પરંપરામાં જીવતા લોકસમૂહના ઉત્સવો, તહેવારો, વહેવારો, ધાર્મિક પરંપરાઓ, પૂજા-વ્રત, મેળાઓ, સામાજિક પ્રથાઓ, મંત્ર-તંત્ર, શાસ્ત્રોક્ત વિધિઓ, શુકન-અપશુકન, જાદુ-મંત્ર, માન્યતાઓ, આચાર-વિચારના અભ્યાસને આ વિભાગમાં મૂકવામાં આવે છે. આ વિભાગની સામગ્રીને ત્રણ ભાગમાં વહેંચવામાં આવી છે.

**૨.૭.૨.૧ રીતિ-રિવાજને લગતી લોકપરંપરા :-**

આ પેટાવિભાગમાં લોકોના ઉત્સવો, તહેવારો, ધાર્મિક પરંપરાઓ, પૂજા-વ્રત,

---

૧૭. જાની, કનુભાઇ. લોકવાઙ્મય, પા.નં. ૬

અનુષ્ઠાનો, લોકમેળાઓ, સામાજિક પ્રથાઓ, આચાર-વિચારના નિયમો, જન્મથી મૃત્યુ સુધીના સંસ્કારો સંબંધી રીવાજોની પરંપરાઓનો સમાવેશ થાય છે. સમાજજીવનને લગતા આ પેટાવિભાગને ધાર્મિક જીવનને લગતી લોકપરંપરા એવું નામ આપી, બીજા નંબરના મુખ્ય વિભાગ તરીકે મૂકવો હોય તો મૂકી શકાય તેટલું મહત્ત્વ આ વિભાગનું રહેલું છે.

**૨.૭.૨.૨ શ્રદ્ધા અને માન્યતાઓને લગતી લોકપરંપરા (લોકવિદ્યા) :-**

આ પેટાવિભાગમાં લોકપરંપરાથી જેને માનતા આવ્યા છીએ તે શુકન-અપશુકન, મંત્ર-તંત્ર, જપ-તપ-સ્તુતિ, અંધશ્રદ્ધા, વિંછી કે સાપ ઉતારવાનો મંત્ર, ડામણ-પિશાચ-ભૂત ભગાડવાના મંત્રો, લુખ લાગી હોય તો તે ઊતારવાનો મંત્ર વગેરે પરંપરાઓ આ વિભાગમાં મૂકવામાં આવી છે.

**૨.૭.૨.૧૩ મનોરંજન અને રમતોને લગતી લોકપરંપરા (લોકવિદ્યા) :-**

આ પેટાવિભાગમાં શિશુથી માંડી વૃદ્ધો માટેની પરંપરાગત રમતો જે આપણા લોકજીવનમાં જોવા મળે છે તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. બાળ રમતો જેવી કે અડકો-દડકો, આવરે કાગડા કઢી પીવા, ઇંતે ઇંતે પાણી, નદી કિનારે ટામેટું... વગેરે જ્યારે ચકા, ચોપાટ જેવી મોટેરા કે વૃદ્ધો માટેની બેઠા-બેઠ રમવાની રમતો, અભિનય ગીતો, કિશોરો માટેની એંપળી-પેંપળી, કોચમણી કે ગોદમણી, ઋતુ-મૌસમ અનુસારની રમતોનો સમાવેશ આ પેટાવિભાગમાં કરવામાં આવ્યો છે.

**૨.૭.૩ લોકકલાને લગતી લોકપરંપરા (લોકવિદ્યા) :-**

આ વિભાગમાં લોકસંગીત, લોકવાદ્ય, લોકનૃત્ય, લોકચિત્ર, લોકશિલ્પ, લોકભરત જેવી પરંપરાગત લોકકલાઓના અભ્યાસનો સમાવેશ કરવામાં આવે છે. પ્રદેશ અને જ્ઞાતિભેદથી લોકોના વાદ્ય, નૃત્ય, ચિત્ર, શિલ્પ, ભરત, સંગીત વગેરે જુદુ-જુદુ હોય છે.

**૨.૭.૪ લોકસાહિત્ય કે લોકવાઙ્મયને લગતી લોકપરંપરા (લોકવિદ્યા) :-**

લોકસાહિત્યના આ વિભાગમાં સમગ્ર વિશ્વમાં વ્યાપક અને ઊંડાણપૂર્વકના સંશોધન-સંપાદન અને અભ્યાસો થયા છે. આ વિભાગને કથ્ય અને ગેય લોકસાહિત્ય એમ બે ભાગમાં વહેંચી શકાય. કથ્ય લોકસાહિત્યના આ પ્રથમ પેટાભાગમાં કહેવતો, ટૂચકા, ઓઠા, લોક વ્યુત્પત્તિ,

લોકનાટ્ય, લોકકથા કે લોકવાર્તાનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે ઉખાણા, લોકગીત, લોકકથાગીત (રાસડા) લોકાખ્યાન વગેરેને ગેય લોકસાહિત્યમાં સમાવેશ કરવામાં આવ્યો છે.


### ૨.૮ લોકવાઙ્મય (લોકસાહિત્ય)ની વ્યાખ્યા :-

લોકવાઙ્મયની વ્યાખ્યા આપવા માટે અનેક વિદ્વાનોએ પ્રયાસ કર્યો છે. પણ તેની અભ્યાસપૂર્ણ વ્યાખ્યા શ્રી કનુભાઈ જાની એ તેમના લોકવાઙ્મય પુસ્તકમાં આપતા કહે છે કે, ''તળપદી ભાષામાં તળપદા સંસ્કારમૂર્ત કરતી, અજ્ઞાત કર્તૃત્વવાળી, પેઢી-દર પેઢી મુખપરંપરાથી ઊતરી આવેલી, સર્જકની સભાન વ્યક્તિમતાના લક્ષણો વિનાની, લોકસમાજની મુગ્ધ નિર્વ્યાજતા-નૈસર્ગિકતાવાળી, ગીત હોય તો ક્યારેક ટેક-ઠેક-નૃત્ય-રમતને સાથે લાગતી સહેજે યાદ રહી જાય તેવા શબ્દપ્રયોગોની રચના કે શબ્દલાઘવવાળી, ઉપદેશવૃત્તિના અભાવવાળી, જે તે સમાજના પ્રાણધબકારવાળી, નિર્દંભ, સરળને ભાવસુંદર, મોટેભાગે સંઘોમિયો વહેતી, મોટે ભાગે નિરલંકૃત છતાં જો હોય તો લોક કલાકારને જ સૂઝે એના અલંકારોથી ઓપતી, જે રચનામાં લોકસમૂહને ઘટાડવા-વધારવાની અનુકૂળતા કે છૂટ હોય છે ને એથી જેના પાઠાંતરો એક કે અગણ્ય હોય તેવી અથવા જેનો એક નિશ્ચિત પાઠ ન જ હોય તેવી, શબ્દના કે ભાવ-વિચાર-લાગણીના પ્રભુત્ત્વ માત્રથી ધ્યાન ખેંચે તેવી નહિ બલ્કે જેમાં ઉપરથી લદાતું કોઈ જ પ્રભુત્વ કોઈ દેખાડો ન હોય. complete absence of all officialdom all influence exercised from above તેવી સૂક્ષ્મ અંગત સંવેદનો કે વિચાર-મંથન-આત્મનિરીક્ષણ-પરીક્ષણ-પૃથ્થકરણ આ બધું ન હોય તે તરત પરખાઈ જાય તેવી ઘેરી લાગણીઓ હોય તેવી આંટીઘૂંટી વિનાની અત્યંત સરળ રચનાવાળી મૂળમાં લેખિત કે લિપિવાદ નહિ પણ મુખ પરંપરાગત કથ્ય કે ગેય વારસારૂપે સાંપડેલી શબ્દવિદ્યા તે લોકવાઙ્મય.''[૧૮]

---

૧૮. જાની, કનુભાઈ. લોકવાઙ્મય, પા.નં. ૫

## લોકવાઙ્મયનું (લોકસાહિત્ય) સ્વરૂપગત વર્ગીકરણ કંઠસ્થ લોકવિદ્યા (પરંપરા)



## ૨.૯ લોકપરંપરા (લોકવિદ્યા)ની વિશેષતાઓ :-

### ૨.૯.૧ પુરાતનતા :-

લોકપરંપરાનું કોઈપણ સ્વરૂપ પ્રાચીન સમયથી ઊતરી આવેલું હોવું જોઈએ. એના ઉપરથી ઘણો લાંબો સમય પસાર થઈ ગયેલો હોવા જોઈએ.

### ૨.૯.૨ સાંઘિકતા :-

લોકપરંપરાની કોઈપણ રચનામાં સમૂહ કર્તૃત્વ આવશ્યક છે. એની કોઈપણ કૃતિનું કર્તૃત્વ સાંઘિક હોય અને ભાવો પણ સાંઘિક હોવા આવશ્યક છે. કૃતિમાં સુધારા-વધારા કરવાની સમૂહને છૂટ હોય છે. કૃતિના ભાવ સાંઘિક હોવાને કારણે આ ભાવો જાડા અને મોટા હોય તે સ્વાભાવિક છે તેથી આ કૃતિઓમાં ભાવોનું ઊંડાણ ઓછું જોવા મળે છે. લોકપરંપરાની કોઈપણ કૃતિ સમૂહનું સર્જન છે. કોઈ વ્યક્તિનું સર્જન નથી.

### ૨.૯.૩ અનામિકતા :-

કોઈપણ પરંપરાગત કૃતિના કોઈ સર્જક કે રચયિતા હોતા નથી. આ બધી કૃતિઓ અનામી હોય છે. લોકવિદ્યાની કોઈપણ કૃતિનું સર્જન કોણે કર્યું તે કહી શકાતું નથી. જો કૃતિનું સાંઘિક સર્જન હોય તો કૃતિ ઉપર રચયિતા સંઘનો કોઈ સભ્ય દાવો ન કરી શકે. રચયિતા સંઘમાંથી કોણે કયા સમયે, કઈ પંક્તિ રચી, બીજા સભ્યે શું ઉમેરણ કે કાપકુપ કર્યું તે કહી શકાય નહીં. માટે રચયિતા સંઘનો કોઈપણ સભ્ય કૃતિ ઉપર દાવો કરી શકતો નથી. આ અર્થમાં લોકપરંપરા કૃતિઓ અનામિક હોય છે.

### ૨.૯.૪ સરળતા :-

લોકપરંપરાથી ચાલી આવતી કૃતિઓ સીધી, સાદી અને સરળ હોય છે. તેમજ એ કૃતિઓ હૈયા છોછરવી ઊતરી જાય તેવી હોય છે. એમાં કોઈ આડ વાત હોતી નથી. લોકપરંપરાની બધી કૃતિઓ અભિધામાં જ ચાલે છે. અભિધા શક્તિનું ઉત્તમ ઉદાહરણ લોકપરંપરાની કૃતિઓને કહી શકાય. સાહિત્યમાં અભિધા ભાગ્યે જ જોવા મળે છે. લોકપરંપરાની આ પરમ સરળતા એ જ એની પરમ ભવ્યતા છે.

**૨.૯.૫ કંઠોપકંઠતા કે અનુકરણાત્મકતા :-**

કંઠોપકંઠતા એ લોકપરંપરાનું પ્રાણ તત્ત્વ છે અને એને રૂપ આપતું તત્ત્વ પણ છે. એને રસ અને આકાર આપતું તત્ત્વ પણ છે. એની ભાષા કંઠ્ય છે. લોકપરંપરામાં લોકવિદ્યાની કૃતિ અનુકરણાત્મકતા હોય તો પણ તે સરળ હોય છે. તે વાણી સાથે એક પ્રકારની એકતા સાધીને આવે છે. સાહિત્યમાં રસની અનુભૂતિ આવે છે તો લોકપરંપરાની લોકવિદ્યામાં જીવનની અનુભૂતિ આવે છે. એ કંઠોપકંઠ આવતી હોવાથી એના અનેક પાઠાંતરો જોવા મળે છે.

**૨.૯.૬ અસ્વાયત્તા :-**

લોકપરંપરાથી ચાલતી લોકવિદ્યાની કોઈપણ કૃતિ સ્વાયત હોતી નથી. સાહિત્યની કૃતિઓ સ્વતંત્ર પોતાના બળે ચાલનારી અને એ બળથી જ ટકી રહેનારી હોય છે. જ્યારે લોકપંરપરાની કૃતિઓ સ્વાયત્ત નથી હોતી. ઉદા. મરશિયા મૃત્યુ થાય તો જ ગવાય. વ્રતકથા વ્રત હોય ત્યારે જ કહેવાય. લગ્નગીતો લગ્ન હોય ત્યારે જ ગવાય. પ્રભાતિયા તો પ્રભાતે જ ગવાય. લોકપરંપરાની કૃતિઓ નિશ્ચિત પરિવેશમાં અને નિશ્ચિત સમયે જ પ્રયોજાય છે. મરશિયા ગમે તેટલા સારા હોય પણ પ્રસંગ વિના ગાઈ શકાય નહિ.

**૨.૯.૭ આદિમ માનસ :-**

લોકપરંપરાના સ્વરૂપોમાં આદિમ માનસની અસ્મિઓ હોય છે. લોકપરંપરાની મોટાભાગની સામગ્રી ચાલી ગયેલા અતીતમાંથી ઝિલાતી ઝિલાતી આવે છે. તે પ્રાચીનતાના બચેલા અવશેષો સમી હોય છે. જેમાં આદિમ માનસ ક્યાંક ક્યાંક ડોકિયું કરતું હોય છે.

લોકપરંપરાને પોતાની આગળ ઓળખ આપતા કેટલાક મહત્ત્વના લક્ષણો લોકવિદ્યાવિદોએ તારવ્યા છે. તે પ્રમાણે -

(૧) લોકપરંપરા એ વિશાળ માનવસમૂહની અત્યંત ઉદાર તથા સર્વ પ્રત્યે માનવીય સદ્‌ભાવ દાખવતી પારંપારિકતા ધરાવતી, સહજ રીતે જ વિકસેલી જન સમાજની વ્યવસ્થા છે.

(૨) સહજતાનો સ્વીકાર અને કૃત્રિમતાનો અભાવ આ સંસ્કૃતિનું મૂળભૂત અને મુખ્ય લક્ષણ માનવામાં આવે છે. એ જીવનને, ધર્મ અને નીતિને પારસ્પરિક સંબંધ અને સામાજિકતાને સહજરૂપમાં સ્વીકારે છે.

(૩) લોકપરંપરામાં વિશાળતા છે. સ્વાભાવિકતા છે. આદિમતા સાથે સંવેદનશીલતા છે તેમજ મનુષ્યના અંદરના પરિબળોનો સીધી રીતે જ થતો આવિસ્કાર પણ એમાં જોવા મળે છે.

(૪) લોકપરંપરામાં ધર્મ, નીતિ અને સમાજનાં ધોરણો અને નિયંત્રણો પાળે છે પરંતુ તેમાં પણ અસંકુલ સરળતા અને સાલસતાનો જ આધાર લે છે.

આમ, લોકપરંપરાનું પોતીકું એવું રૂપ છે, લક્ષણો છે, એનો સીધો સંબંધ ગ્રામજીવન સાથે છે.[૧૯]

'હેન્ડબુક ઓફ ફોકલોર'માં સોફિયા બર્ન લોકપરંપરાને ત્રણ વિભાગોમાં વહેંચે છે.

૧. લોકવિશ્વાસ

૨. રીતિ-રિવાજ તથા પ્રથાઓ

૩. લોકસાહિત્ય

લોકસાહિત્યના મૂર્ધન્ય વિદ્વાન ડૉ. કૃષ્ણદેવ ઉપાધ્યાય લોકપરંપરા-લોકસંસ્કૃતિનું ક્ષેત્ર-વિસ્તારને એનાથી વધારે ગણે છે. તેઓ કહે છે કે ''પછાત જાતિઓમાં પ્રચલિત અથવા ઉપેક્ષાકૃત જ્ઞાતિઓ તથા અસંસ્કૃત સમુદાયોનો લોકવિશ્વાસ, રીતિ-રિવાજ, ખાન-પાન, સંસ્કાર, પ્રથાઓ, રહેણી-કરણી તથા આચાર-વિચાર આમાં આવે છે. પ્રકૃતિના ચેતન તથા જડ જગત સંબંધમાં ભૂત-પ્રેતોની દુનિયા તથા એમની સાથેના મનુષ્યના સંબંધો વિશે જાદુ-ટોણા, સંમોહન, વશીકરણ, તાવીજ, ભાગ્ય, શુકન, રોગ તથા મૃત્યુ સંબંધી આદિમ તથા અસભ્ય જાતિઓની અંધપરંપરાઓની અંદર સમાવિષ્ટ થાય છે. આની સાથે વિવાહ, ઉત્તરાધિકાર, બાલ તથા પ્રૌઢજીવનના રીતિ-રિવાજ, અનુષ્ઠાન અને તહેવાર, યુદ્ધ, શિકાર, પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ વગેરે વિષયોના વિધિવિધાન લોકપરંપરા અંતર્ગત આવે. ટૂંકમાં કહીએ તો લોકની માનસિક સંપન્નતાની અંતર્ગત જે પણ વસ્તુઓ આવી શકે તે બધા લોકસંસ્કૃતિ-લોકપરંપરાના ક્ષેત્રની અંદર આવે.''[૨૦]

---

૧૯. પારધી, ડૉ. જીવરાજ. અને દેસાણી, પ્રા. પ્રવીણ. લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિ વિમર્શ પા.નાં. ૫૪

૨૦. ઉપાધ્યાય, ડૉ. કૃષ્ણદેવ. 'લોકસંસ્કૃતિ કી રૂપરેખા' સંસ્કરણ-૨૦૦૯, પા.નં. ૧૬

રામનારાયણ મિશ્રે લોકસંસ્કૃતિ-લોકપરંપરાનાં મૂળતત્ત્વો નીચે પ્રમાણે આપે છે.

(૧) ભિન્નતામાં એકતા

(૨) બાહ્યરૂપમાં પરિવર્તન, પણ સ્થિરતા

(૩) માનવતા અને સહિષ્ણુતા

(૪) પ્રકૃતિની ઉપાસના

(૫) અમર સત્યનું પાલન કે જે સદા સરળ હોય છે.

(૬) બધી પ્રકારની સદ્‌વિદ્યા અને કલાકૌશલ્યની ઉન્નતિ

(૭) આધ્યાત્મિક વિકાસ

(૮) સંતો, તત્ત્વજ્ઞાનીઓ, મહાપુરુષોનો પાદુર્ભાવ

(૯) જ્ઞાનપિપાસા અને તે જ્યાંથી મળે ત્યાંથી ગ્રહણ કરવું.

(૧૦) પ્રજાસત્તાક શાસન[૨૧]

ડૉ. કૃષ્ણદેવ ઉપાધ્યાય લોકપરંપરા-લોકસંસ્કૃતિ અંતર્ગત આવતા વિષયોને બે વિભાગમાં વહેંચે છે.

૧. આધ્યાત્મિક તત્ત્વ

૨. લૌકિક તત્ત્વ

આધ્યાત્મિક તત્ત્વ અંતર્ગત (૧) પરલોક સંબંધી ધારણા (૨) મોક્ષ તથા સ્વર્ગ સંબંધી વિચાર (૩) સાધના માર્ગ (૪) જીવનનો આદર્શ અને (૫) ધાર્મિક સિદ્ધાંતોનો સમાવેશ થાય છે. જ્યારે લૌકિક તત્ત્વની અંદર (૧) માનવજીવનના વિભિન્ન સંસ્કાર (૨) સામાજિક ઉત્સવ (૩) પર્વ અને તહેવાર (૪) મનોરંજનના સાધનો (૫) રહેણીકરેણી (૬) વેશભૂષા (૭) અલંકાર તથા પ્રસાધન (૮) ખાણીપીણી (૯) સામાજિક રૂઢિઓ (૧૦) લોકવિશ્વાસ (૧૧) માન્યતાઓ (૧૨) કલા (૧૩) શિલ્પ (૧૪) પરંપરા અને (૧૫) પ્રથાઓ વગેરેથી ગણના કરવામાં આવે છે.[૨૨]

---

૨૧. (અ) મિશ્ર, રામનારાયણ. 'સંમેલન પત્રિકા : લોકસંસ્કૃતિ વિશેષાંક'

(બ) પરમાર, જયમલ્લ. લોકસાહિત્ય કી રૂપરેખા, પા.નં. ૧૬

૨૨. ઉપાધ્યાય, ડૉ. કૃષ્ણદેવ. લોકસંસ્કૃતિ કી રૂપરેખા, પા.નં. ૨૧

ભારત અને ગુજરાતમાં લોકસંસ્કૃતિ-લોકપરંપરાના અધ્યયનનો પ્રારંભ ક્યારે અને કોણે કર્યો એ અલગ અભ્યાસનો વિષય છે. પણ ૧૯૨૦ પછી લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિ-અધ્યયન તરફ જેમનું વિશેષ ધ્યાન ગયું છે અને પોતાની રાષ્ટ્રીય ધરોહરની જાળવણી માટે તન, મન અને ધનથી પોતાનું જીવન આ અધ્યયનને સમર્પિત કર્યું છે એવા વિદ્વાનોમાં બંગાળના ડૉ. દિનેશચંદ્ર સેન, ગુજરાતના શ્રી ઝવેરચંદ મેઘાણી, રાજસ્થાનના શ્રી દેવીલાલ સાગર, મહારાષ્ટ્રના ડૉ. સરોજિની બાબર, આંધ્રપ્રદેશના ડૉ. રામરાજુ, ઉત્તર પ્રદેશના પંડિત રામનરેશ ત્રિપાઠી, બિહારના પંડિત ગણેશ ચોબે, આસામના ડૉ. પ્રફૂલ્લ દત્ત ગોસ્વામી, ઓરીસ્સાના ડૉ. કુંજ બિહારી દાસ, પંજાબના સંત અનિલ, મધ્યપ્રદેશના પંડિત નારાયણ ઉપાધ્યાય, કાશ્મીરના શ્રી મોહનલાલ દર અને રામનારાયણ શાસ્ત્રી વગેરે વિદ્વાનોનો ગૌરવ સાથે નામોલ્લેખ કરી શકાય.

લોકસંસ્કૃતિ-લોકપરંપરાના અભ્યાસુ વિદ્વાનોએ આ વિષયના અધ્યયન દરમ્યાન વર્ગીકરણ કરવાનો પ્રયત્ન કર્યો છે. જેમાં પરમવિદૂષી શ્રીમતી સોફિયા બર્ને લોકસંસ્કૃતિ-લોકપરંપરાનું વર્ગીકરણ આ પ્રમાણે કર્યું છે.[૨૩]

**(અ) વિશ્વાસ અને આચરણ**

(i) પૃથ્વી અને આકાશ

(ii) વનસ્પતિ જગત

(iii) પશુજગત

(iv) મનુષ્ય નિર્મિત વસ્તુ

(v) માનવ

(vi) આત્મા અને પુનર્જન્મ

(vii) અતિમાનવ વ્યક્તિ (દેવી અને દેવતા)

(viii) શુકન-અપશુકન, ભવિષ્યવાણી વગેરે

(xi) જાદુ-ટોણાં, સૂરકા

(x) રોગ બિમારી

---

૨૩. બર્ન, શ્રીમતી સોફિયા. હેન્ડબુક ઓફ ફોકલોર (ફોકલોર સોસાયટી, લંડન-૧૯૧૪)

**(બ) રીત-રિવાજ :**

(i) સામાજિક તથા રાજનૈતિક સંસ્થાઓ

(ii) વ્યક્તિગત જીવનના વિધિવિધાન

(iii) વ્યવસાય તથા ઉદ્યોગ

(iv) વર્ષમાં ઉજવાતા વ્રત તહેવારો

(v) ખેલકૂદ અને મનોરંજનના સાધનો

**(ક) લોકકથાગીત અને સુભાષિત**

(i) લોકકથા, સત્યકથા, મનોરંજનકથા

(ii) લોકગીત અને લોકગાથા

(iii) લોકોક્તિ અને ઉખાણા (કોયડા)

(iv) પદ્યબદ્ધ લોકોક્તિ અને સ્થાનિક સુભાષિત

'સાયન્સ ઓફ ફોકલોર' ગ્રંથના રચયિતા પ્રો. એલેકઝાન્ડર એચ. ક્રેપીએ એમના ગ્રંથમાં આવું કોઈ વર્ગીકરણ નથી કર્યું. પરંતુ એમના ગ્રંથમાં ફોકલોરની કરેલી વિવેચના પરથી આપણે અનુમાન લગાવી શકીએ કે એમનો હેતુ લોકસંસ્કૃતિને નીચે પ્રમાણે વર્ગીકૃત કરવાનો હતો.[૨૪]

એ જ રીતે ડૉ. એલન ડંડીએ પણ લોકસંસ્કૃતિ-લોકપરંપરાનું કોઈ સ્પષ્ટ વર્ગીકરણ નથી આપ્યું. પરંતુ એમનો મત ડૉ. ક્રેપીના મતની સાથે મળતો આવે છે.

**૨.૧૦ લોકપરંપરાના પાંચ વર્ગો :-**

ડૉ. કૃષ્ણદેવ ઉપાધ્યાયના મતાનુસાર લોકસંસ્કૃતિ-લોકપરંપરાને નીચે પ્રમાણે પાંચ વર્ગોમાં વિભાજિત કરી શકાય.[૨૫]

(૧) લોકવિશ્વાસ તથા અંધ પરંપરાઓ

(૨) સંસ્કાર-આચાર વિચાર તથા વિધિવિધાન

---

૨૪. (અ) ક્રેપી, પ્રો. એલેકઝાન્ડર એચ. ધ સાયન્સ ઓફ ફોકલોર

(બ) ઉપાધ્યાય, ડૉ. કૃષ્ણદેવ. લોક સંસ્કૃતિ કી રૂપરેખા, પૃ. ૪૨

૨૫. ઉપાધ્યાય, ડૉ. કૃષ્ણદેવ. લોકસંસ્કૃતિ કી રૂપરેખા, પૃ. ૪૨

(૩) સામાજિક, આર્થિક તથા રાજનૈતિક સંસ્થાઓ

(૪) ધાર્મિક તથા આધ્યાત્મિક માન્યતાઓ

(૫) લોકસાહિત્ય

**૨.૧૦.૧ લોકવિશ્વાસ તથા અંધ પરંપરાઓ :-**

આ વિભાગમાં તેમણે નીચે પ્રમાણે આઠ પેટા વિભાગોમાં લોકવિશ્વાસ અને અંધપરંપરાઓને વહેંચે છે.

(૧) આકાશીય પિંડ સંબંધી વિશ્વાસ

(૨) પૃથ્વી સંબંધી વિશ્વાસ

(૩) પશુ-પક્ષી સંબંધી વિશ્વાસ

(૪) વનસ્પતિ જગત સંબંધી વિશ્વાસ

(૫) માનવશરીર સંબંધી વિશ્વાસ

(૬) સામાન્ય વસ્તુ સંબંધી વિશ્વાસ

(૭) શકુન અને અપશકુન સંબંધી વિશ્વાસ

(૮) રોગ-બિમારી તથા ઔષધિ

**૨.૧૦.૨ સંસ્કાર-આચારવિચાર તથા વિધિવિધાન :-**

ધર્મશાસ્ત્રીઓએ '૧૬' સંસ્કારોનું વર્ણન કર્યું છે. પરંતુ પ્રધાન સંસ્કાર કેવળ '૬' જ છે. જેમ કે - (૧) પુત્રજન્મ (૨) મુંડન (૩) જનોઈ (૪) વિવાહ (૫) શ્રીમંત (૬) મૃત્યુ. આ ઉપરાંત ગર્ભાધાન, પુંસવન નામકરણ વગેરે સંસ્કારો પણ અનેક વિધિવિધાન સાથે કરવામાં આવતા હતા. જેનો ઉલ્લેખ ગુત્થ સૂત્રોમાં જોવા મળે છે.

**૨.૧૦.૩ સામાજિક, આર્થિક તથા રાજનૈતિક સંસ્થાઓ :-**

ભારતમાં અનેક સામાજિક સંસ્થાઓ જોવા મળે છે. જેમકે જ્ઞાતિ આશ્રમો વગેરે, આર્થિક સંસ્થાઓ અંતર્ગત પ્રાચીનકાળની યુગ, શ્રેણી, શ્રેષ્ઠી અને સાર્થવાદન ગણાવી શકાય અને રાજનૈતિક સંસ્થાઓમાં રાજ્યંત્ર, લોકતંત્ર, બુદ્ધિજીવી તંત્ર વગેરે પ્રસિદ્ધ છે. આ ત્રણેય સંસ્થાઓનું અધ્યયન લોકસંસ્કૃતિ અંતર્ગત કરવામાં આવે છે.

## ૨.૧૦.૪ ધાર્મિક તથા આધ્યાત્મિક માન્યતાઓ :-

ધાર્મિક માન્યતાઓ અંતર્ગત વિભિન્ન દેવી-દેવતાઓની પૂજા અને અનુષ્ઠાનને સમાવી શકાય. જેમ કે -

(૧) શાસ્ત્રીય તથા પૌરાણિક દેવતાઓની પૂજા

(૨) લોકદેવી અને લોકદેવતાઓ સંબંધી અનુષ્ઠાન

(૩) ભૂત-પ્રેત, પિશાચ, ડાકણ, ચૂડેલ વગેરે નીચ યોનિઓને પ્રસન્ન રાખવી.

(૪) મંત્રતંત્ર, મારણ તથા વશીકરણ વગેરે વિધિઓનો પ્રયોગ.

(૫) જાદુ-ટોણા-સૂટકા વગેરે

(૬) લોક-સામાન્ય ધર્મનું પાલન

આધ્યાત્મિક માન્યતાઓના વિષયમાં કર્મવાદ, ભાગ્યવાદ, પુનર્જન્મવાદ, અવતારવાદ અને ઈશ્વરવાદની ચર્ચા કરી શકાય. જ્યારે ઈશ્વરવાદ અંતર્ગત સાકાર તથા નિરાકાર બ્રહ્મની ઉપાસના વગેરે આવે છે.

## ૨.૧૦.૫ લોકસાહિત્ય :-

લોકસંસ્કૃતિ-લોકપરંપરાના પાંચમા તથા અંતિમ વિભાગમાં નીચે પ્રમાણે વિષયોની ચર્ચા આવશ્યક માનવામાં આવે છે.

(૧) લોકગીત

(૨) લોકગાથા

(૩) લોકકલા

(૪) લોકનાટ્ય

(૫) લોકસુભાષિત

લોકપરંપરામાં આદિમ માણસના અંશો છે તેમજ પરંપરાગત સંસ્કૃતિ, ઈતિહાસ, નૃવંશ અને સમાજશાસ્ત્રના અભ્યાસની સામગ્રીથી ભરેલો છે. તે દષ્ટિએ તે આપણી સાંસ્કૃતિક મૂડી છે. સાંસ્કૃતિક ખજાનો છે. કાળના પ્રવાહમાં લુપ્ત થાય તે પહેલા તેનું સંશોધન, સંપાદન અને અભ્યાસ થાય તે પ્રવર્તમાન સમયની તાતી જરૂરિયાત છે. આપણે ત્યાં પહાડોમાં કે જંગલોમાં રહેતા વનવાસીઓ કે સાગરકાંઠે રહેતા સાગરખેડૂઓ, રણકાંઠાના ગામોમાં રહેતા માલધારીઓ કે

સપાટ મેદાની વિસ્તારમાં રહેતા ધરતીપૂત્રો-ખેડૂતો, નાની-મોટી કલાકારીગરીનો વ્યવસાય કરતી જાતિઓ કે યજમાનવૃત્તિ કરતી જ્ઞાતિઓને પોત-પોતાની આગવી ઓળખને છતું કરતું લોકસાહિત્ય છે. આ લોકસાહિત્યના અભ્યાસથી જે તે જ્ઞાતિઓની વિશેષતાઓ, ખાસિયતો કે રીતરિવાજોનો અભ્યાસ થઈ શકે છે. હવે શહેરો તરફથી દોડ, સુધારાવાદી પવન, ઉચ્ચ શિક્ષણ અને સમૂહ માધ્યમોના એકધારા અવિરત હુમલાને કારણે આ જાતિઓ પોતપોતાની પરંપરાઓ, પોતાની આગવી ઓળખ સમા પહેરવેશ, આભૂષણો, રીત-રિવાજો, પરંપરાગત ઉત્સવો, તહેવારો, વહેવારો, માન્યતાઓ, પોતપોતાનો વ્યવસાય, વ્યવસાયના ઓજારો, ભાષા તેમજ પોતાની ઓળખ સમા લોકસાહિત્યને (લોકગીત, લોકકથા, ઓઠા, કહેવતો, રૂઢિપ્રયોગો, ઉખાણા, બાળ જોડકણાં કે મરશિયાં, ફટાણાં) કાળના પ્રવાહમાં વહેતું કરીને વિસરાઈ જઈને ભૌતિક સુખસગવડના નવા ખ્યાલોને મૂર્તિમંત કરવા દોડી રહ્યા છે. આવા સમયે આ લોકપરંપરાઓનું સંપાદન થાય તે અત્યંત જરૂરી છે. નહીં તો આ મહામૂલો સાંસ્કૃતિક વારસો સદાયને માટે આપણે ગુમાવીશું.

**૨.૧૧ લોકસાહિત્યની કંઠ્યપરંપરા :-**

લોક સાહિત્ય એ સાહિત્યનો વિશિષ્ટ પ્રકાર છે. વર્ષોથી લોક મુખે રજુ થતી આવેલી કથાઓ, ગીતો કે અન્ય સાહિત્ય કે જે મૌખિક પરંપરાથી જનતા માં પ્રચલિત છે, તેણે લોક સાહિત્ય કહી શકાય. સાહિત્યના બે પ્રકાર છે. ૧. કંઠ્ય સાહિત્ય અને શિષ્ટ સાહિત્ય.

આ બંને સાહિત્યમાં લોક સાહિત્ય વધુ પ્રચલિત છે. માનવી સમૂહમાં અને સમાજમાં રહેતો થયો અને તેનો વ્યવહાર ભાષામાં ચાલતો થયો ત્યારથી લોક સાહિત્ય અસ્તિત્વમાં આવ્યું છે. ઘણું પ્રાચીન લોક સાહિત્ય નષ્ટ થઈ ગયું છે. તેમ છતાં કેટલુંક લોક સાહિત્ય લોકોના કંઠમાં આજ સુધી જળવાઈ રહ્યું છે.

સેંકડો વર્ષોથી આ સાહિત્ય લોક કંઠે ખાસ કરીને ગ્રામ જનોના કંઠે જળવાઈ રહે છે. ગ્રામવાસી કુષકો, પશુપાલકો અને શ્રમિકોના લોક સાહિત્ય નો બહોળો પ્રસાર થયેલો છે.તેમના જીવનની પ્રત્યેક અવસ્થા સાથે લોક સાહિત્ય એક ય બીજા રૂપમાં સકાલાયેલું જોવા મળે છે. લોક જીવન સાથે કે જાણે તે વણાઈ ગયું છે.[૨૬]

---

૨૬. જાદવ, જોરાવરસિંહ. લોક ગુર્જરી વાર્ષિક અંક-૭, પા.નં .-૪૦

સમગ્ર ભારતમાં અને અન્ય દેશોમાં આ પ્રકારનું લોક સાહિત્ય જોવા મળે છે. પરંતુ સેંકડો વર્ષોથી જીવંત અને પ્રચલિત એવા કંઠ્ય સાહિત્યનું મધ્યકાળમાં કોઈ વિદ્યાનો દ્વારા સંપાદન થયું હોય, ગ્રંથરૂપે તેનું પ્રકાશન થયું હોય, તેવું જોવા મળતું નથી. તેના સંપાદનની અને પુસ્તક રૂપમાં પ્રકાશનની પ્રવુત્તિ અર્વાચીન કાળમાં શરુ થઈ છે.

અંગ્રેજી ભાષામાં લોક વિદ્યા માટે folklore શબ્દનો ઉપયોગ સામાન્ય રીતે કરવામાં આવે છે. આ શબ્દ ઈંગ્લેન્ડના જ એક વિદ્વાન વિલિયન જ્હોન થામ્સે ઈ.સ. ૧૯૪૬માં folklore શબ્દ પ્રચલિત કર્યો હતો. આ શબ્દ યુરોપ, જર્મન, ફ્રાન્સ વગેરે ભાષાઓમાં પણ કંઠસ્થ સાહિત્ય માટે યોજાવવા લાગ્યો.[૨૭] આ શબ્દનો વાચ્યાર્થ લોકજ્ઞાન થાય છે. પરંતુ પાછળથી તે લોક કથા માટે પ્રચલિત થયો. ડૉ. વાર્ડરના મતે folk એટલે સભ્યતાથી દુર રહેનાર કોઈ જાતિનો બોધ. "lore" શબ્દ "lar" માંથી નીકળ્યો છે. એનો અર્થ શીખવું એવો થાય છે. આ રીતે જોઈએ તો "folk lore"નો અર્થ અસંસ્કૃત લોકોનું જ્ઞાન એવો થાય છે.[૨૮] બીજી રીતે જોઈએ તો આ શબ્દ નો અર્થ ઘણો વ્યાપક છે.રજ્ઞહસએટલે લોકો અનેહજ્ઞયિ એટલે વિદ્યા.રજ્ઞહસ હજ્ઞયિ એટલે લોકોમાં પરંપરા દ્વારા ઉતારી આવેલી તમામ બાબતો. તેમાં લોકોની કળા કારીગરી, વસ્ત્ર ભૂષણ, ભોજનની વિવિધ વાનગીઓ, ઘર અને આંગણાની સજાવટ, વનસ્પતિમાંથી પ્રાપ્ત થતી દવાઓ, લોકોની ધાર્મિક માન્યતાઓ અને વિધિ વિધાન, શુકન, અપશુકન અંગેના ખ્યાલો, દેવ દેવી, ભૂત-પ્રેત વગેરે વિશેની માન્યતાઓ, દંતકથાઓ, ટુંચકા, કહેવતો, લોક ગીતો આ બધું જ આવી જાય છે.[૨૯] તેથી અંગ્રેજ વિવેચકો એ કેવળ પરંપરાગત કંઠ્ય સાહિત્ય માટે એક નવો શબ્દ ઘડયો - folk literature આ શબ્દ અંગ્રેજીમાં સુપ્રતિષ્ઠિત થયો અને વ્યાપક રૂપમાં તેનો પ્રચાર-પ્રસાર થયો. જોકે અહીં આપણે એક બાબત નોંધવી જોઈએ કે- કંઠસ્થ સાહિત્યને ગ્રંથ રૂપે પ્રકાશિત કરવાની પ્રવૃત્તિ આરંભાઈ તે પછી તેણે શું નામ આપવું તે પ્રશ્ન ઉભો થયો, ઈંગ્લેન્ડમાં પૂર્વ કંઠસ્થ સાહિત્ય માટે popular antiquity શબ્દ પ્રયોગ થયો હતો. તેમાં લોક કંઠે જળવાયેલ પ્રાચીન

૨૭. પરીખ, પ્રિયકાંત. ગુજરાતી લોક સાહિત્ય, પ્રથમ આવૃત્તિ, ડિસે.૧૯૯૧, પા.નં.- ૧

૨૮. જાદવ, જોરાવરસિંહ. મરદાઈ માથા માટે, પ્રવેશક, પા.નં.-૧

૨૯. જાની, કનુભાઈ. લોક વાઙ્મય (વિભાવના અને વર્ગીકરણ), પા.નં.-૨

કિસ્સા, ગીતો, રાસડા વગેરેનો સમાવેશ થયો હતો. પરંતુ આ શબ્દ પ્રયોગ લાંબો અને કઠીન હોવા ઉપરાંત સંદિગ્ધ અર્થ ધરાવતો હોવાથી પણ પ્રચારમાંથી નિકળી ગયો અને એની જગ્યા પર "folk lore" શબ્દ પ્રયોજવા લાગ્યો.

લોક સાહિત્ય સેંકડો વર્ષોથી લોકોના કંઠ માં જળવાઈ રહ્યું છે. અને મૌખિક પરંપરા દ્વારા ચૌતરફ ફેલાયેલું છે. તે હંમેશા બોલાતી જીવંત લોક બોલીમાં જ હોય છે.લોક ગીત ગાનાર કે લોક વાર્તા કહેનાર તેની પોતાની બોલીમાં તેને રજુ કરે છે.તેથી એક જ લોકગેત કે લોક વાર્તાના એક કરતા વધુ અથવા ભિન્ન ભિન્ન પાઠાંતરો જોવા મળે છે. સામાન્યતઃ ગ્રામવાસી કૃષકો, શ્રમિકો, પશુ પાલકો આદિ સામાન્ય જનોની મનોદશાનું અને અવસ્થાઓનું તેમાં આવું આગવું નિરૂપણ હોય છે.અને આવું કંઠસ્થ સાહિત્ય લોકોને આનંદ આપે છે.અને કેટલીક વાર પરોક્ષ રૂપે કંઈક બોધ કે શિખામણ પણ આપે છે. એથી લોક જીવનમાં એનું મહત્વ છે.

લોકનું જીવનલોક સાહિત્યમાં પ્રતિબિંબિત થાય છે. તેમાં, માનવ મનના વિવિધ ભાવો અભિવ્યક્તિ પામે છે.જીવનના સુખ દુઃખ તેમાં રજુ થાય છે. તેથી લોક સાહિત્ય લોકોને આત્મીય લાગે છે. લોકો તેણે હૈયામાં તથા કંઠમાં જાળવે છે. ખાસ કરીને લોકો ભાલે નિરક્ષર હોય, ઘાને ભાગે ગામડામાં વસતા હોય અને જ્યાં મનોરંજનના સાધનો ઉપલબ્ધ ન હોય, ત્યાં કંઠસ્થ લોક સાહિત્ય વ્યાપક રૂપમાં પ્રચલિત હોય છે. તેથી તો આપણા ગામડાઓમાં કૃષકો, પશુપાલકો અને શ્રમિકોમાં લોક સાહિત્યનો વ્યાપક પ્રચાર છે. તેમાં પણ ગ્રામવાસી સ્રીઓના કંઠમાં ઘણું લોક સાહિત્ય - હાલરડાં, લગ્ન ગીતો, રાસ-ગરબા, ગરબી, વ્રત ગીતો, રાજિયા, ભજનો, દોહા-સોરઠા વગેરે રૂપે જળવાયું છે. સ્રીઓનો મોટો ભાગ નિરક્ષર હતો તેથી તેમણે સાંભળેલ અને તેમને ગમેલા લોકગીતો, લોક વાર્તાઓ વગેરેને તેઓ કંઠસ્થ કરી લે છે. તે રીતે પેઢી દર પેઢી હાલરડાં, લગ્ન ગીતો, રાસ-ગરબા, ગરબી, વ્રત ગીતો, રાજિયા-મરસીયા વગેરે ઉતારી આવ્યા છે. પ્રસાર પામ્યા છે અને જીવંત રહ્યા છે. દુહા અને સોરઠા, પાડો, ભજનો, લોક વાર્તાઓ અને દાંત કથાઓ મોટા ભાગે પુરુષો દ્વારા જળવાયા છે. બહારવટિયા વિશેની લોક કથાઓ તેમજ પ્રેમીજનો વિશેની દુહાબદ્ધ લોક કથાઓ મૂળમાં ચારણો, બારોટો અથવા ભાટ લોકો દ્વારા રચાઈ હોય તે બનવા જોગ છે. પરંતુ લોકો દ્વારા અપનાવી હોવાથી આ કથામાં ઘણા પરિવર્તનો થયા છે.

પરિણામે આ કથાઓમાં વ્યક્તિ વિશેષનું સ્વરૂપ બદલાઈ જાય છે અને લોક સમૂહનું સર્જન બની ગઈ છે. અને લોક કંઠે આજ સુધી ટકી રહ્યું છે.

લોક ગીતોની વાત કરીએ તો રણજીત રામ મહેતા કહે છે કે લોકગીતોનો ઉષઃકાળ એ સાહિત્યનુ ઉષઃકાળ છે. વસ્તુતઃ સાહિત્યનો ઉદભવ લોક સાહિત્યમાંથી થયો છે ને ગીતનો ઉદભવ લોકગીતોમાંથી થયો છે. સુરેશ દલાલ પણ કહે છે કે ગીતનું ગંગોત્રી સ્થાન લોકગીત છે.લોકગીતમાં કાવ્ય સૌષ્ઠવ ઓછુ હોય છે.પણ એના ભાવ હોય છે.સ્વાભાવિક અને માર્મિક એ ત્રણેય વિધાનો વિશે વિચારતા એમ કહેવાનું મન થાય કે જેને આપણે ગીત કાવ્ય કહીએ છીએ એના મુળિયા લોકગીતમાં પડ્યા છે.[૩૦]

આદિકાળથી લોકજીવનની સરળ અને ઊર્મિલ અભિવ્યક્તિ ગીત રૂપે જ થઈ હશે. એ સંવેદન ને લોકોના પારિવારિક અને વૈયક્તિક જીવન સાથે નાતો હોય છે. ગીત, લોકગીતના સંસ્કારપિંડ લઈને જ ગમે તે ભાષા જન્મે એ ઘટના તર્ક સમજી શકાય એવો છે. રણજીત રામ કહે છે કે શિક્ષણ વિમુખ સ્ત્રી પુરુષો પોતાના હૃદયમાં વસતા ભાવો સંગીત દ્વારા પ્રગટ કરે છે. આવી નિર્દોષ ગમ્મતતા તેઓ પોતાના સંજોગો પોતાની તવારીખ, પોતાની ખાસિયતો વગેરેની રૂપરેખાઓ આલેખે છે. આ નિર્દોષ ગમ્મતતામાંથી ઉત્પન્ન થયેલું સાહિત્ય કે દેશ જ સાહિત્ય કહી શકીએ. તેના ઘણા ભેદ પ્રભેદના છે. લોકગીત, લોકકથા, જનવાર્તા, કહેવતો, ઉખાણા વગેરે ભેદ પ્રભેદના અભિધાન છે. આજનું ગીતએ ગઈકાલનું લોકગીતનું નવું રૂપ છે. લોકગીત અભિજાત ગીતના પાયામાં રહેલું જીવંત રસાયણ છે. રમેશ પારેખ કહે છે કે લોક ગીત અને અભિજાત ગીત ભિન્ન નથી, ગઈકાલનું સ્વરૂપ રૂપાંતર પામ્યું છે એમ કહી શકાય. લોકગીતમાં લય, લોકભાષા, લોક જીવનની સામગ્રી ગીત કવિતા નથી પણ ગીતમાં એનું ભરચક, સંવેધ રૂપ પ્રગતિ શકે છે. અભિજાત લોકગીતનું સંસ્કરણ છે.

ગીતમાં એક ઊર્મિ, ભાવ સંવેદનનું કલાત્મક આલેખન હોય છે. કોમળ સંવેદનની નિરૂપણ રીત પણ વિશિષ્ટ છે. લાઘવ એનું એક મહત્વનું લક્ષણ છે. ઊર્મિની જેમ વિચાર - ચિંતન રસાઈને આવે ટો ગીતની આબોહવામાં અભિવ્યક્તિ પામે છે.

---

૩૦. બ્રહ્મભટ્ટ, ડૉ. ભગીરથ. ગુજરાતી ગીત સ્વરૂપ વિચાર, પા.નં.-૭૫

પ્રથમ ખંડ માં ગીતનો ઉઘાડ આર્કષક હોય છે. ગીતકાર એક કુતુહલ પ્રગટાવે છે. બીજા ખંડમાં ઉદ્દિપ્ત ભાવનો ક્રમિક વિકાસ થાય છે. મુખ્ય ભાવને પૃષ્ટ કરવાની લયાત્મક પ્રયુક્તિ અંતરમાં ખપ લે છે. મુખ્ય ભાવ વધુને વધુ ખુલતો જાય છે અને અંતમાં સચોટ સ્વરૂપે મૂર્ત થાય છે. ભાવ વિકાસ પરાકાસ્થા એ પહોચી સ્થિર સંવેદન સંકલ્પનાના રૂપમાં પરિવર્તન થઇ, અંતર જેવું ગુંજન છોડી, માધુર્ય છોડી મનની સ્થિતિમાં એ વિલીન થઇ જાય છે. અંતનો પ્રભાવ પથારી જાય છે.

લય તત્ત્વ ગીતનું પ્રાણ તત્વ છે. ગીતમાં શબ્દ-અર્થની અંતર્ગત સંગીતનું તત્ત્વ હોય એ સ્વીકાર્ય છે. એની લયાત્મકતા એ જ અગત્યની બની રહે છે. ગીતમાં એક નાનું સંવેદન ઉદઘાટીત થતું હોય છે. એક ભાવ એક ગીતના કેન્દ્રમાંહોય છે. ગીતમાં ભાવ સંવેદનનો ક્રમિક-અક્રમિક વિકાસ થતો હોય છે. એ ભાવ કાં વધુને વધુ ખુલતો ખુલતો અંતર દ્વારા પરાકાષ્ઠા સુધી પહોચે અથવા પરાકાષ્ઠાથી પરિચય કરાવતો કરાવતો એના ભીતરી સૌદર્ય સુધી ભાવકને દોરી જાય છે. દવ પંક્તિ ગીતનું કેન્દ્ર હોય છે. એ કેન્દ્રમાંથી જ ભાવ સંવેદન ના વલયો રચાય છે. અંતરા અને પુરક પંક્તિઓ એ ભાવ સંવેદનના વલયો જ છે.

ગીત રચનામાં મુખ્ય ઘટકો ધ્રુવ પંક્તિ, અંતરા, પુરક પંક્તિ, પ્રાસ, લય તથા વિષય નિરૂપણ છે. ગીતની પ્રથમ પંક્તિ કાવ્યના ઝળકતા શિખર તરીકે બહુધા આવે છે. એ પંક્તિ કાવ્યમાં વર્ચસ્વ ધરાવે છે. ગીત કાવ્યનું કેન્દ્ર કે ધ્રુવ પંક્તિને ગીતનો ઉઘાડ પરાકાષ્ઠાથી કરી આપે છે અને પ્રભાવકતા પાથરે છે. જે હુલામણી પંક્તિ છે, તેનું સમગ્ર ગીતમાં માનપાન છે. ગીતની પ્રત્યેક કડીને ધ્રુવ પંક્તિ સાથે અનુસંધાન રાખવું જ પડે છે. ધ્રુવ પંક્તિને કેન્દ્રમાં રાખી ગીતકાર અન્ય પંક્તિઓ ઉપજાવતો હોય છે. ગીતની નસેનસમાં ધ્રુવ પંક્તિનો ભાવ હોય છે. એમ કહીએ કે ધ્રુવ પંક્તિ હૃદય છે. અને બાકીની બધી જ કડિયો એ ગીત ની કાયા છે. અન્ય પંક્તિઓ ધ્રુવપદના અર્થનું અનુસંઘટન છે. કેન્દ્રભાવની પુષ્ટિ અપર્તી કડિયો છે. ગેટના સમગ્ર વિષયને વધારેમાં વધારે અર્થવાહક, ઘોતક, ચોટદાર રીતે રજુ કરી શકે એવી ટૂંકામાં ટૂંકી શબ્દ સૃષ્ટી ઉભી કરાવી એના ઉપર જ ગીતની સફળતાનો આધાર રહેલો છે.

ગીતમાં ધ્રુવપદને ચોક્કસ સ્થાન હોય છે. ગીતમાં ધ્રુવપદની પંક્તિઓનું વૈવિધ્ય હોય છે.

ઉઘાડ પંક્તિ એટલે ગીતની પ્રથમ પંક્તિ.જયારે ધ્રુવપદ એટલે ગીતનું મુખ્ય પદ. એનું સ્થાન સમગ્ર ગીતમાં હોય છે. એ પ્રારંભે, મધ્યમાં કે અંતમાં કોઈપણ જગ્યા એ આવી શકે છે. ધ્રુવ પંક્તિ પછી ધ્રુવ પંક્તિને પુષ્ટ કરવા પ્રયોજાતું એકમ એટલે અંતરો.ગીતના કેન્દ્ર ભાવને પુષ્ટ કરવાની જે યોજના ગીત સ્વરૂપમાં હોય છે એને અંતરો કહેવામાં આવે છે.ધ્રુવપંક્તિ લય અને પ્રાસને સમાંતર લય અને પ્રાસ લઈને અંતરા પછી આવતી પંક્તિને જ પૂરક પંક્તિ કે સમાંતર પંક્તિ કહે છે. તેમાંથી ગીતના એક ખંડકને પૂર્ણતા પ્રાપ્ત થાય છે. પંક્તિને અંતે આવતા વર્ણો બીજી પંક્તિને આવતા વર્ણો સાથે જ ધ્વનિ સામ્યતા સાધે તે અનુસાર અંત્યાનુપ્રાસ. શબ્દારંભે આવતો વર્ણ પુનઃ પુનઃ આવે તો વર્ણ સગાઈ. પ્રાસ પણ ગીતના પદ્યીકરણમાં મહત્ત્વનું ઘટક છે. ગીતના બાહ્ય સંવિધાનની વિભિન્ન તરેહમાં તેની કામગીરી પ્રયુકત તરેહની આકૃતિ નીપજાવવામાં નિર્ણાયક હોય છે. પરસનું મુખ્ય કામ એ રીતે સંધિ આવર્તનના સાતત્ય પછી ચરણના અંતને વ્યક્ત કરવાનું છે.

ગીતનો શબ્દ ઉદગાર નથી, ઉદગાન છે. ભાવની નાદાત્મક વ્યંજનાત્મક અભિવ્યક્તિ છે. એ શબ્દની ભીતરમાં લય-તાલ નો પ્રવાહ હોય છે.ગીતમાં લયના તત્ત્વોના નિયંત્રણ હેઠળ શબ્દ આવતો હોય છે. એ પ્રમાણે પંક્તિનું ચરણોનું અને સમગ્ર ગીતનું સ્વરૂપ બંધાય છે. લાયુંનો વિચાર ગીતના કેન્દ્રમાં રહેલો છે. કવિતાની જેમ ગીત કાવ્યમાં પણ રસ સાધક ભાષા સ્તરો રહેલા છે.

ગીત રચનાઓમાં સંરચના અને અભિવ્યક્તિની દ્રષ્ટી એ મુખ્ય પ્રવર્તક રાગ, ઢાળ કે તેની અંતર્ગત રહેલો લય્ય મહત્ત્વની ભૂમિકા ધરાવે છે. કેટલાંક જાણીતા ગીતને લોક સંગીતનો આધાર સંભવે છે. એમાય દેશીઓ તરીકે ઓળખાતી રચનાઓ પિંગળના અધિકારમાં આવતી હોય એમાં માત્રામેળ લય શોધી આપી શકાય છે. ગુજરાતી લોકગીતની કેટલીક રચનાઓ સ્પષ્ટપણે માત્રમુળી લયમાં બંધાતી જોવા મળે છે. રાગ સંજ્ઞા રાગ-રાગીની સાથે સંકળાયેલી છે. તેમ છતાં લોકગીતની ગેય રચના માટેનો ઢાળ તે રાગ જ છે. એવું શિથિલ સમીકરણ થવા પામ્યું છે.

પરંપરાગત લોકગીત ચોક્કસ પ્રકારના સંગીતમેળની સાથે જોડાયેલું હોય ચગે. એક રીતે લોક વ્યવહારમાં વણાઈ ગયેલું લોકગીત એના પ્રયોગોમાં જ સાચી રીતે પ્રગટ થાય છે. એની ચોક્કસ

અલગ, લહેકો અને સંગીતાત્મક ઉપદ અને ધ્રુવ પંક્તિમાં ગજબનું માધુર્ય પૂરે છે. રાગ, ઢાળ કે લયમાં જે એકમ પ્રવર્તે છે અથવા એમાં જે પંક્તિ સ્વીકારાય છે, તે ગીતની અભિવ્યક્તિ ઉપર સીધો પ્રભાવ પડે છે.

પ્રત્યેક શબ્દને પણ પોતાનું આગવું સુક્ષ્મ સંગીત હોય છે. એ સંગીત અપૂર્વ લયમાંથી જન્મ પામતું હોય છે. કવિ પ્રતિભામાંથી જન્મેલો શબ્દ માધુર્ય, પ્રસાદ અને ઓજસ ગુણ ભલે ધરાવતો હોય, પણ જ્યારે એ લય સાથે સંલગ્નાય છે ત્યારે જ તે ઉદગાર મટી ઉદગાન બને છે. નાદ સૌન્દર્ય નો મહિમા પામે છે. ડૉ. હરિવલ્લભ ભાયાણી લયનો પ્રચલિત વિભાવ આપણે ત્યાં 'રીધમ' પરથી આવ્યો છે તેમ મને છે.

રાગને કારણે શબ્દ કે વર્ણ માધુર્ય જન્મે છે. ઘણીવાર કાવ્યનો અર્થ ખબર ના પડે તો પણ એના ગાન માત્ર થી મુગ્ધ થઈ જવાતું હોય છે. તે રાગનો મહિમા, રાગના પ્રભાવને કારણે ઘણી પંક્તિઓ સહેલાઈથી કંઠ્ય થઈ જતી હોય છે. ઘણીવાર ઘણા ગીત કવિઓ લોકગીતોના અને મધ્યકાલીન પદોના ઢાળોને પોતાની સામે રાખીને રચના કરતા હોય છે. આમ, લય, રાગ અને ઢાળ ત્રણેય સંજ્ઞાઓ મૂળ સંગીત સાથે જોડાયેલી છે. પણ ગીતમાં એના તત્ત્વો અંતર્નિહિત હોય છે એ મહત્વનું છે.

સુંદરમના મત પ્રમાણે ગીત, કવિતા અને સંગીતના સહિયારા સીમાડા ઉપર વિકસતો છોડ છે. તેઓ મને છે કે સંગીતની પ્રભાવકતા જ્યારે ગીતમાં વધી જાય છે ત્યારે ગીતપણું લથડે છે. એની જગ્યા એ શુદ્ધસંગીત હાથમાં આવે છે. ગીતમાં આ તત્ત્વો હોય છે. (૧) ગીતમાં પોતાના મૂળ તત્વો (૨) સંગેતના મૂળ તત્વો (૩) કવિતાના મૂળ તત્વો. આ ત્રણેય તત્ત્વોના મિશ્રણવાળું પોત રચાય છે ત્યારે ઉત્તમ અભિજાત ગીતહાથ લાગે છે. ગીતકારમાં ગીતના સ્વરૂપની જાણકારી અને સંગીતની સૂઝ-સમાજ હોવી જરૂરી છે. કેવળ સંગીતમાં કાવ્યત્વ કે ગીતત્વ ના હોય ટો પણ ગીત ટકી જાય છે. એટલે કે ત્રણેય ઉણપોમાંથી ગીતને સાચવી લેવું જરૂરી છે. ગવાય તે ગીત એવું પ્રાચીન ગીત લક્ષાન પણ જોવા મળે છે. આપણા લગ્ન ગીતો, શ્રમજીવીના ગીતો, ઋતુ ગીતો, યુદ્ધ ગીતો, મીઠા હલકથી ગવાતા સંભળાય છે. એના રાગ-ઢાળની અસર પણ પ્રભાવક હોય છે.